ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વેક્સિનના ડોઝ જેવી આગાહીઓ વરસે છે,
ખેડૂતો જેમ પ્રજા પણ - ડોઝ માટે તરસે છે,
ફરશે 'હવામાન' નવી ગાઈડલાઈન જેમ -
સત્તાના બધાં ખાતાં સરકાર જેમ ગરજે છે.

હાઈકુ

આગાહી પણ
જાહેરાતોની જેમ
ફંટાઈ જાય!

પડી તારીખ!
લ્યો પંદર ઓગસ્ટ
ધોધમારની...

ચિંતન

ધનાશયા ખલીકાર કસ્ય નામ ન જાયતે ।
દૂરા દ્ આમિષ લોભેન વધ્યતે ખેચર : ખગઃ ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

ધનના લોભથી કોણ દુષ્ટતા કરતું નથી ? માંસ મળવાના લોભથી ઊંચે ઊંચે આકાશમાં ઊડતાં નિર્દોષ અને કોઈ પણ દખલરુપ ન હોય તેવાં પંખીઓનો પણ શિકાર નથી કરતાં ?

આજકાલ સીધા સાદા માણસો ને દુષ્ટો લૂંટી જાય છે. કોઈ નિર્દોષ વૃદ્ધાની બંગડી નકલી પોલીસ ડરાવીને સેરવી લે છે. ચોકલેટની લાલચ આપી બાળકીને ચૂંથી નાખનારા રાક્ષસી સ્વભાવનાં શિકારી વિશે આપણે અવારનવાર વાંચતા હોઈએ છીએ. ધંધામાં પણ ભાગીદારો લૂચ્ચાઈ કરીને નીતિ નીચે મૂકીને ખોટ દેખાડે છે. પરિવારમાં પણ ભાઈ-ભાઈ, ભાઈ-બહેનના આંખમાં સ્નેહ-વાત્સલ્યની જગ્યાએ વેરઝેર દેખાઈ રહ્યા છે. ધનના લોભથી કોણ દુષ્ટતા આચરતું નથી?

સુવિચાર

- જીવનના ખેતરમાં પણ જો સુખ-સમૃદ્ધિનો સારો પાક લેવો હોય તો પોતાના માટે પણ આસપાસના લોકોનો વિચાર કરવો જ પડશે. આસપાસ ગંદકી હશે તો તમને ચોખ્ખાઈની જોઈએ એવી મજા નહીં જ આવે - **જીવન પાથેય**
- ઠોકર વહી શખ્સ ખાતા હૈ, જો રસ્તે કા પથ્થર નહીં ઉઠાતા હૈ - **સત્યન પાઠક**
- જગતનો સર્વશ્રેષ્ઠ લક્ષ્યાંક, માનવ તરીકે જીવવું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મોક્ષ એટલે મો+ક્ષ = મોક્ષનો ક્ષય,
  જે વસ્તુ આપણાં કારણ વગરના મોહનો ક્ષય કરાવે તે મોક્ષ - **મોરારિ બાપુ**
- પ્રેમ પામવો હોય તો પ્રેમને માપવાનો પ્રયાસ કયારેય ન કરવો - **ક્રિશ્નકાંત ઉનડકટ**
- મેળવ્યું નથી એને શું ખોવાનું ? ખૂણે બેસી ને પાછું શું રોવાનું ? આ પાછું વળીને શું જોવાનું ? ભાગ્ય હશે એ છે જ મળવાનું - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : હળદર એક તોલો; ચાર તોલો દહીમાં મિકસ કરી ખાવાથી કમળો નિયંત્રિત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક બ્રાહ્મણ હતો અને સંતાનમાં પુત્ર ન હતો. તેણે શાસ્ત્રોમાં વાંચ્યું હતું કે 'પુત્ર વિના કોઈ ગતિ નથી હોતી.' એનો જીવ ખૂબ કોચવાતો હતો. પ્રયત્નો કરવા છતાં પુત્ર પ્રાપ્તિ ન થતા એણે એક અઘોરી પાસેથી એક મલિન મંત્ર લઈને ભૈરવને પ્રસન્ન કર્યા. અને પુત્રની માંગણી કરી. ભૈરવે કહ્યું, 'તમારા ભાગ્યમાં પુત્ર નથી, પણ તમે મને પ્રસન્ન કર્યો છે તો હવે મારે તમને પુત્ર આપવો પડશે. પણ પુત્રરત્ન પછી પાંચમાં વર્ષે તમારે મને ગાયનું પાંચ શેર માંસનું ભોગ ધરાવવું પડશે.' ગરજવાનને અક્કલ ન હોય. બ્રાહ્મણે વગર વિચાર્યે હા પાડી દીધી. અંતે પુત્રરત્નનો જન્મ થયો. પાંચ વર્ષે ભૈરવે ગાયનું પાંચ શેર માંચનું વચન યાદ અપાવ્યું. બ્રાહ્મણને હવે ભાન થયું કે આવેશમાં એણે કેવું ભયાનક વચન આપી દીધું હતું. એણે ભૈરવ પાસે ગલ્લા તલ્લાં કર્યાં. ભૈરવ ગુસ્સે ભરાયો. એણે પુત્રને મારી નાખવાની વાત કરી. ત્યારે બ્રાહ્મણ એના પગમાં પડ્યો એણે કહ્યું, 'મહારાજ, હું ભૂલથી આપને વચન આપી બેઠો છું. હું બ્રાહ્મણ થઈને ગાયની હત્યા કેવી રીતે કરી શકું ? મને માફ કરો.' ભૈરવને બ્રાહ્મણની વાત સાચી લાગી. એણે કહ્યું, 'એક વચ્ચેનો રસ્તો છે. તારા ગામમાં વાણિયાને ત્યાં દીકરીનાં લગ્ન હતા. જેણે દીકરી વેચીને પૈસા લીધા છે. જે ઘર દીકરીના પૈસા લે તે ઘરનું અનાજ માટી (માંસ) બરાબર છે, તું ત્યાંથી અન્ન લઈ આવ, એટલે તારું વચન પૂરું થઈ જશે.' બ્રાહ્મણ એ વાણિયાના ઘરેથી અન્ન લઈ આવ્યો. ભૈરવ પાસે આવી થાળી ખોળી તો અંદર પૂરી અને શાકના બદલે માંસના લોચા પડ્યા હતા. ભૈરવે કહ્યું, 'ભૂદેવ, યાદ રાખજો, જે ઘર દીકરીને વેચીને પૈસા આણે એના પૈસા ગાયની માટી બરાબર છે, કદી આવું ન કરતાં.' બ્રાહ્મણે ભૈરવની શિખામણ ગાંઠે બાંધી અને ઘરે જવા નીકળ્યો.

કોંગ્રેસનો જીર્ણોદ્ધાર શક્ય નથી

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસ એના સૌથી કટોકટીભર્યા તબક્કામાંથી પસાર થઈ રહી છે. વારંવાર એના નેતૃત્વ વિશે પ્રશ્નો ઊઠતા રહ્યા છે. પેલા ત્રેવીસ હસ્તાક્ષરોવાળી હસ્તીઓને નજર અંદાજ કરીને દાયકાઓથી કોંગ્રેસનો માલિકી હક્ક ભોગવટો નહેરુવંશી ગાંધી પરિવાર એની પકડ ઢીલી કરવા તૈયાર નથી. જરૂર પડ્યે એ સગવડિયાં સમાધાન કરીને નવજોત સિધ્ધુ જેવાં બળવાખોર બોલકા નેતાને મનાવી લે છે અને વર્ષોથી વફાદાર રહેલા કેપ્ટન અમરિંદરસિંહને એમની ઈચ્છા વિરુદ્ધ નવજોત સાથે મંચ શૅર કરવા મજબૂત કરી શકે છે. કોંગ્રેસ પાસે એક જમાનામાં પ્રદેશે પ્રદેશે વડાપ્રધાન કક્ષાના આગેવાનો હતા. ખુદ ઈંદિરા ગાંધીના જ શાસનકાળ દરમિયાન આવા કેટલાક નેતાઓ અસ્તિત્વ ધરાવતાં હતા. ઈંદિરાજીની હત્યા પછી કોલકાત્તાથી દિલ્હી આવતાં રાજીવ ગાંધીએ પડખે બેઠેલા પ્રણવદાને પૂછ્યું હતું : હવે કોણ નેતૃત્વ સંભાળશે ? તો પળનોય વિલંબ કર્યા વિના પ્રણવ મુખર્જીએ કહ્યું હતું : મંત્રીમંડળમાં જે બીજા નંબરે હોય તે. અર્થાત્ હું પોતે ! રાજીવ ગાંધીને ચમચામંડળે વડાપ્રધાન પદે આરૂઢ કરી પ્રણવદાને મંત્રીમંડળથી બહાર ધકેલી દીધેલા. સોનિયા ગાંધી પ્રમુખપદની ચૂંટણી લડતાં હતાં ત્યારે હમણાં જ ભાજપમાં જોડાયેલા ઉત્તર પ્રદેશના યુવા બ્રાહ્મણ નેતા જિતિન પ્રસાદના પ્રતાપી પિતા જિતેન્દ્ર પ્રસાદ એમની સામે પ્રમુખ બનવા મેદાનમાં ઊતર્યા હતા. હારી ગયા હતા. પ્રણવબાબુએ જુદી પાર્ટી પણ બનાવી હતી. ફાવ્યા નહીં. પછી તો અહમદ પટેલ અને મોતીલાલ વોરા જેવા વામણા નેતાઓનો જ કોંગ્રેસ દરબારમાં દબદબો રહેવા લાગ્યો હતો. નરસિંહરાવના મૃતદેહને દિલ્હીમાં અગ્નિસંસ્કારની પણ તક નહોતી અપાઈ. શરદ પવાર સમજી વિચારીને એમની એનસીપીના પ્રાદેશિક કોચલામાં પુરાઈ ગયા હતા. સોનિયા ગાંધીને જયારે પાકે પાયે લાગ્યું કે એમનું ઈટાલિયન ગોત્ર દેશના વડાપ્રદાન પદને આડું આવે છે ત્યારે એમણે કોઈ પણ રાજકીય બેક ગ્રાઉન્ડ કે મત વિસ્તાર વગરના અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહને આગળ ધરીને અહમદ પટેલની સલાહ મુજબ નેપથ્યમાં રહી શાસન ચલાવ્યું હતું. આથી કોંગ્રેસ કાળક્રમે માત્ર અને માત્ર એક પરિવારની પેઢી બની ગઈ જેની સામે મોડે મોડે જી-૨૩ તરીકે ઓળખાતી બૌદ્ધિક ટોળકીએ ઊહાપોહ તો કર્યો પણ એ ચેષ્ઠા આખરે વાંઝણી નીવડી છે. પ્રિયંકાને પણ પાર્ટીમાં ખેંચી લાવી સીધાં હાઈકમાન્ડનો દોર ભાઈ-બહેનના હાથમાં સોંપનાર સોનિયા ગાંધી વિરોધી અવાજોને મહત્ત્વ આપતાં નથી. આજે પણ પાર્ટીમાં ૯૯ ટકા કાર્યકરો રાહુલ ગાંધી જ પ્રમુખ પદ સંભાળે એવું ઈચ્છે છે. ભલે એમના નેતૃત્વ હેઠળ કોંગ્રેસનો ગ્રાફ તળિયે પહોંચી ગયો હોય, પણ રાહુલનો કોંગ્રેસ પાસે કોઈ વિકલ્પ જ નથી એવી છાપ ઊભી કરવામાં સોનિયા ને ધારી સફળતા સાંપડી રહી છે. આથી અકળાયેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલે એમના જન્મદિવસે ડિનર પાર્ટી યોજીને એમાં વિપક્ષી નેતાઓને નોતર્યા ત્યારે ગાંધી પરિવાર આયોજનપૂર્વક ગેરહાજર રહ્યો હતો. હાજર 'બળવાખોરો' અને વિપક્ષી અગ્રણીઓએ ૨૦૨૪માં મોદી સામે કેવી રીતે મોરચો માંડવો એ મુદ્દો તો ચર્ચા કરી જ; સાથે જ નબળી પડી ગયેલી કોંગ્રેસને સુયોગ્ય અને સક્રિય નેતૃત્વ મળી રહે એ પણ જરૂરી હોવાની રજૂઆત થઈ. એનડીએમાંથી જુદા પડેલા અકાલી દળના પ્રતિનિધિ તરીકે ડિનરમાં હાજર રહેલા નરેશ અગ્રવાલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જ્યાં સુધી કોંગ્રેસ ગાંધી પરિવારના સકંજામાંથી નહીં છૂટે ત્યાં સુધી એનો 'જીર્ણોદ્ધાર' શક્ય નથી. આ વાત ભલે એક બિનકોંગ્રેસી નેતાના મુખે ઉચ્ચારાઈ હોય પરંતુ એ દેશની પ્રજાનો 'વૉઈસ' છે, એમાં શંકાને સ્થાન નથી. જો કે એથી ગાંધી પરિવારનું તો રૂવાડું સુદ્ધાં ફરકવાનું નથી. એને મોદી 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' સત્તા પર રહે તે મંજૂર હશે પણ કોંગ્રેસની તિજોરી બીજાના નામે ટ્રાંસફર કરવી પોસાવાની નથી.

આઝાદીના અમૃત પર્વે આપણી દેવભૂમિ હિન્દ માતાને વંદન કરીએ...!

લાગણીનો મેળો

રસિક વાળંદ

તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતાભરી!
મુરદા મસાણની જાગતાં, તારા શબ્દમાં શી સુધાભરી!
- ઝવેરચંદ મેઘાણી

બે-ચાર નિવૃત્ત વડીલોની ઓટલા સભા ચાલતી હતી. એક નિવૃત્ત વડીલ શિક્ષકે હસતાં-હસતાં છતાં ખેદપૂર્વક બળાપો રજૂ કર્યો; 'શાનું આઝાદીનું અમૃતપર્વ અને શેનું ધ્વજવંદન? આજે તો આ રાષ્ટ્રીય પર્વો સાવ ફિક્કાં પડી ગયાં છે. અમારા એ દવસોમાં રાષ્ટ્રીય પર્વો આન, બાન એ શાનથી ઉલ્લાસમય વાતાવરણમાં ઊજવાતાં... અભણ લોકો પણ ઉમંગભેર જોડાતા ને મીઠાઈ વહેંચાતી... શૈક્ષણિક સંકુલોમાં રાત્રિ કાર્યક્રમો યોજાતા...' બીજા એક વડીલે દલીલે કરી કે, 'લોકો મોંઘવારી, બેકારી આપત્તિઓ અને સમસ્યાઓથી ત્રાસી ગઈ છે, એટલે આવા ઉત્સવોમાં ઉત્સાહ ક્યાંથી હોય ?' મેં કહ્યું, 'સાહેબ, તમારી બધી વાત સાચી... પરંતુ આજે ટી.વી.ને. અખબારોનાં પાનાં તરફ નજર કરો તો...! આપણા ધાર્મિક પર્વોમાં પવિત્ર 'જળમાં સ્નાન કરવા પડાપડી ને ધક્કામુક્કી થાય છે. લાખો માણસો પુણ્ય કમાવાને સાત પેઢીનાં પાપ ધોવા કેવી ધમાચકડી મચાવે છે એ તમે જોયું ખરું ?!'

મેં પેલા બીજા વડીલને કહ્યું, 'તમે કહો છો પ્રજા મોંઘવારી, બેકારીને આપત્તિઓથી ત્રાસી ગઈ છે? અરે, એ લોકો તો ઉત્સાહભેર થનગનતા મોજ કરી રહ્યા છે, એમને પોષક આહાર કે શુદ્ધ હવા-પાણીની નહીં પુણ્યની તંગીની જ ફીકર છે. એટલે તો માઈલોના માઈલો પદયાત્રાઓમાં ઢસડાય છે, એમાંયે આ આવેલા ભક્તિના ઘોડાપૂરમાં પુણ્યદાયક સગવડો આપવામાંય હરિફાઈ જામે છે.... લોકો કેવા ભૂરાંટા થાય તે તો તમે નજરે જુઓ ત્યારે જ સમજાય...'

અમારી વાત ચાલતી હતી ત્યાં ટ્યુશન ક્લાસિસમાંથી ભારે પગે ચાલતાં બે વિદ્યાર્થી ત્યાંથી નીકળ્યા. મેં તેમને ઊભા રાખ્યાં ને પ્રશ્ન કર્યો. 'અરે, દોસ્ત તમને સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી ગમે છે? એક વિદ્યાર્થીએ તત્ક્ષણ બોલ્યો, 'જવા દો, અમને તો કંટાળો આવે છે.' બીજાએ સૂર પૂર્યો, 'ટીવી પર બધું જોઈએ જ છીએ. રજાનો દિવસ આમ બગાડાય?'.... આ આપણી ભાવિ પેઢી!! બીજે દિવસે એક કૉલેજિયન યુવાન મળ્યો એની વાત મને ગમી... એણે કહ્યું, સાહેબ, આજના સમયે રાષ્ટ્રપ્રેમ અને નાગરિકની ફરજોની ભલે વાતો કરીએ પણ એ પૂરતું નથી. મારે મન એકલા રાષ્ટ્રવાદી નહીં પણ વૈશ્વિકતાવાદી થવું ઘટે. આજના કાળે માનવજાતને સમસ્યાઓથી નહીં સર્વનાશમાંથી ઉગારવા માટે વિશ્વ સરકારની આવશ્યકતા છે, તમે જુઓ તો વિજ્ઞાને વિશ્વને સાવ નજીક લાવી દીધું છે, અરે, કોરોનાની કરડાટીએ વિશ્વને વિચારતું નથી કર્યુ ?!!! દોસ્તો, સ્વતંત્રતા એ તો સંજીવની મંત્ર છે. લેખના પ્રારંભે ટાંકેલી કાવ્ય પંક્તિઓ તો કવિએ આઝાદી પૂર્વે અનુભવેલી સ્વતંત્રતાની ખુમારીનું બ્યાન છે. આજે આપણે જે આઝાદીના પર્વો ઊજવી રહ્યા છીએ એને શક્ય બનાવવા માટે પોતાનાં તન, મન, ધન અરે, સમસ્ત આવતીકાલ જે નરબંકાઓએ હોમી દીધી એને કેમ ભુલાય ?!

આ દેશની સ્વરાજ યાત્રાનો સંઘર્ષ, બલિદાનની ગાથાઓમાં ધબકતો રાષ્ટ્રપ્રેમ પેઢી દર પેઢી અનેક નિમિત્તો દ્વારા જો હસ્તાંતરિત નહીં થાય તો દેશપ્રેમીની ઉષ્મા નવા લોહીમાં ઠરી જશે. કવિશ્રી ઉમાશંકર જોશીએ વર્ષો પહેલાં લખેલી કવિતાના શબ્દો આજે પંચોત્તેર વર્ષે આપણા કાન આમળે છે, 'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું ?'

મિત્રો, માતૃભૂમિ પરત્વેનો પ્રેમ શું શીખવે પડે?! માને પ્રેમ કેમ કરાય એ બાળકને શીખવવું પડે છે. આ શીખવા કે શીખવવાની વસ્તુ નથી. જે બાળક માને પ્રેમ કરે છે તે જાણતું જ હોય છે કે માનું સાનિધ્ય ગમે તેવી મુશ્કેલીમાં બચાવશે જ. માનો પ્રેમ તો જન્મદત્ત હકીકત છે, માતભૂમિ અને માને પ્રેમ કરવો એ આપણો કર્મસિદ્ધ હક્ક છે.

કવિ કાન્તે તો 'ઓ હિંદ દેવભૂમિ ! સંતાન સૌ તમારાં!' એમ ગાયું છે. આ દેવોની ભૂમિ છે. અર્થાત્ ભારતભૂમિમાં જન્મનાર અને જીવનાર - હું, તને અને આપણે બધા. જેના હૈયામાં દલીત, પીડિત, શોષિત, વંચિત પ્રત્યે હમદર્દી છે એ તમામ લોકો 'દેવ' જ છે. જે ન્યાય, નીતિ, પ્રામાણિકતા, સત્ય, અહિંસાના માર્ગે ચાલે છે તે. જે રાગ દ્વેષ વગર સૌની સેવા કરવા હંમેશા તત્પર રહે છે...

આઝાદીના અમૃત પર્વે આપણી દેવભૂમિ હિન્દ માતાને વંદન કરીએ...!!!

સ્પર્શમણિ :

સત્યને આપણે પ્રેમ કરીએ છીએ પરંતુ સત્ય બોલનાર અપ્રિય લાગે છે - ગાંધીજી

●●●

ખોટી દિશામાં વહી રહેલી ભીડનો હિસ્સો બનવા કરતાં, સાચી દિશામાં એકલા ચાલવું તે ઉત્તમ છે.

-rasikvaland1965@gmail.com
Mo. 9913426949

ઈચ્છીએ ત્યારે મનને નિવૃત્ત કરી શકાય એ સફળતા છે

અબીલ-ગુલાલ

મમતા રાવલ

વ્યક્તિના મનમાં અનેક બાબતે કશમકશ હંમેશા ચાલતી રહે છે શું સારું, શું સાચું ? શું યોગ્ય ? શું અયોગ્ય ? એજ ગડમથલ પ્રવૃત્તિ નિવૃત્તિ બાબતે પણ રહે છે. માણસ પોતાની પ્રકૃત્તિ પ્રમાણે એવું ઈચ્છે કે મૃત્યુપર્યત પ્રવૃત રહેવું. અવારનાવર અનેક માધ્યમ દ્વારા એજ સલાહ પણ મળતી રહે કે પોતાને વ્યસ્ત રાખવું માણસ માટે હિતાવહ છે. શરીર થી વ્યસ્ત રહેનાર વ્યક્તિ મનથી પણ સ્વસ્થતા અનુભવતો હોય છે એવું જોવાય છે. અને એમ એ ટેમ્પરરી આનંદનો પીછો કરતાં-કરતાં માણસ જીવનના અંત સુધી ફેરફુદરડી ફરતો રહે છે.

બાહ્ય જગતની પ્રવૃત્તિ-વ્યસ્તતા-માન-સન્માન, જીવન પ્રત્યેની આસક્તિ ને પોષણ આપે છે. પરંતુ બાહ્ય મોહ પોતાની જાત સાથેના તાર જોડવાનો અવકશ આપતો નથી. બધું જ હોવા છતાં ત્યારે કંઈક અધૂરપની સ્થિતી નીપજે છે અંતરમાં સૂનકાર વ્યાપેલો અનુભવાય છે. શાંતિ અસહ્ય લાગે છે, એકાંત, એકલાપણાંનો અહેસાસ આપે છે. અને એનાથી પીછો છોડાવવા માણસ પોતાની વ્યસ્તતાનો ભ્રમ ઊભો કરતો રહે છે.

જે વ્યક્તિઓ ધનોપાર્જન, અભ્યાસ જેવી પ્રવૃત્તિમાં છે એમણે કર્મ કરવું ફરજીયાત છે. કર્મ કરવું આમ તો દરેક માટે જરૂરી છે. પરંતુ પોતાની જાત સાથે એકાંતનો અભ્યાસ પણ એટલો જ જરૂરી છે. પોતાની જાત સાથે વ્યક્તિનો રિશ્તો જેટલો મજબૂત એટલો એનો આત્મવિશ્વાસ મજબૂત બને છે. દુનિયાના પ્રત્યેક અનુભવોને જોવા ઝીલવા માટે સૌથી પહેલી જાતની મજબૂતાઈ જરૂરી છે. પોતાના દ્વારા થતા દરેક માનસિક, શારિરીક, વૈચારિક વ્યવહાર-વર્તનના સાચા અર્થમાં સાક્ષી બનવું, એને સતત તપાસતા રહેવું વ્યક્તિના આંતરિક વિકાસ માટે જરૂરી છે. બહાર થી ખૂબ વિકસિત દેખાતા વ્યક્તિના આંતરિક વિકાસમાં ક્યારેક ઊણપ રહી જાય છે. વૃક્ષ, જમીનના ઉપરના ભાગે જેટલું વિકસે છે એટલા જ એના મૂળિયા જમીનમાં ઊંડે ઊતરતા જાય છે. આમ તે વધુ મજબૂતાઈ અને દ્રઢતા મેળવે છે.

આ એક કુદરતી પ્રક્રિયાને નજર સમક્ષ રાખી વ્યક્તિ પોતાની જાતનું મૂલ્યાંકન કરી શકે છે. દુનિયાવી દ્રષ્ટિએ પૈસા-પરિવાર-મિલકત-મિત્રવર્તુળ હોવા ઉપરાંત પોતાની માનસિક - શારિરીક તંદુરસ્તી થી સંતુષ્ટ હોય એવા કેટલા મનુષ્ય હશે ?! શક્ય છે કે મોટાભાગના કહે કે આ બધુ હોય પછી અસંતોષ શેનો !!!

તફાવત અહીં જ છે. આપણે આ સમજણ કેળવવાની છે. પોતાની અધૂરપ ને ઓળખવાની છે. ઝાંઝવાના જળ સમાન જીજીવિષાને જાણવાની છે. સમજને ટટોલવાની છે. અપેક્ષા-ઈચ્છાઓને સંકોરવાની છે. કેટલાય લોકો પાસે પગમાં પહેરવાના જૂતા નથી. તો કેટલાય લોકોને પગ જ નથી. આપણું કોઈ પણ દુઃખ કે સુખ અંતિમ નથી. એ સમજ કેળવાય તો મન વિક્ષુબ્ધ થતું બચી જાય છે. વાંચવા લખવામાં સરળ લાગતી આ બાબતો આચરણમાં મૂકવી અઘરી છે. આ બધા જ કામો દુનિયામાં સફળ મેનેજર્સ ગણાતી વ્યક્તિઓ માટે પણ અઘરા પડે છે. અંતરનો ખાલીપો બહારના કોલાહલથી ભરાઈ શકતો નથી.

મોટા ભાગના લોકોને આ મહાવરાની જરૂરત લાગતી નથી. આવી સૂક્ષ્મ બાબતો ને બીનજરૂરી વેવલાવેડા અથવા તો બીનજરૂરી વિચારવલોણું માને છે. આમ કરવામાં પોતાની મઝા, આનંદ, બિન્દાસગી છીનવાતી હોય એવું અનુભવે છે. આવા લોકો સતત પૈસો, પ્રતિષ્ઠા, એશારામ ને જીવનની કાયમી ઉપલબ્ધી માની એની પાછળ પોતાનું જીવન લૂંટાવે છે. પરંતુ એક તબક્કે અંતરનો ખાલીપો તેમની બહારની હરીભરી દુનિયા પર હાવી જઈ જાય છે. ત્યારે વ્યક્તિ માનસિક હતાશાનો ભોગ બને છે અથવા વ્યસનનો સહારો લેવા મજબૂર બને છે.

આ બધુ થયા પછી પણ જયાં સુધી વ્યક્તિ પોતે રીયલાઈઝેશનની ક્ષણોમાંથી ગુજરતો નથી. ત્યાં સુધી કોઈ બીજું વ્યક્તિ એનામાં આ સમજ રોપી શકતું નથી.

મન એવ મનુષ્યાણાં કારણં બન્દમોક્ષયોઃ ॥
(માણસનું મન જ બધા બંધનો અને મોક્ષનું મુખ્ય કારણ છે)

જીવન છે એટલે બાહ્યાચાર જરૂરી છે. પરંતુ સાથે-સાથે આંતરિક યાત્રા પણ એટલી જ જરૂરી છે. જેટલો દુનિયા વ્યવહારો અર્થે સમય ફાળવીએ છીએ એમાંથી થોડો સમય પણ જાતને જાણવામાં, ઓળખવામાં, જીવનના ઉદ્દેશને સમજવામાં, સંબંધોના સારને સમજવામાં ફાળવીશું તો પોતાના જીવન સાથે ન્યાય કર્યો કહેવાશે. ઈચ્છીએ ત્યારે મનને નિવૃત કરી શકાય એ શફળતા છે.

અત્યારે ધ્યાન-મેડીટેશનનું ખૂબ મહત્વ અંકાઈ રહ્યું છે. એ જે તરફ આપણને દોરી જાય છે. એ શાંતિ જ આપણું પરમ લક્ષ્ય છે. એ સમજવું-સ્વીકારવું અને આચરણમાં મૂકવું જરૂરી છે. કલા સાધના પણ એક તરહ થી મેડીટેશન છે જે જાતને સ્વ સાથે જોડી આપે છે. આ પરમ અલૌકિક અનુભૂતિ છે. જેનું અંતર સભર છે એ હંમેશા આનંદમાં વિચરે છે એને કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિ વિચલિત કરી શકતી નથી.

અત્યારે શિવપૂજાનો શ્રાવણમાસ ચાલી રહ્યો છે. શિવના વ્યક્તિત્વના અભ્યાસથી પણ સાંસારિક જીવનમાં ઘણું માર્ગદર્શન મળે છે.

બચ્ચાં ઊડતાં શીખે ને સાથ છોડી દે એને ચકલી કહેવાય, માં નહીં!

નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

મા અને બાપ. માનવ જીવનનાં બે અતિમહત્વનાં અંગ. આ બેમાંથી કોણ વધારે સારું એ સવાલ પુછવો જ ના જોઈએ. પોતપોતાની રીતે એ બંને યોગ્ય જ હોય છે, ક્યાંક કોઈ વધારે લાગણીશીલ હોય તો કોઈક થોડુક વ્યાવહારિક હોય પણ છેવટે તો બંને પોતાનાં સંતાનોની ભલાઈથી અધિક કશું જ નથી ઈચ્છતાં હોતાં.

એક ઘરમાં એક પિતા નોકરી-ધંધામાંથી નિવૃત થાય છે. એમણે વિચાર્યું કે આજસુધી તો મોટાભાગનો સમય નોકરી-ધંધા પાછળ જ ખર્ચાતો હતો એટલે એમની પાસે એમનાં સંતાનો માટે સમય નહોતો બચતો પણ હવે એમને માર્ગદર્શન આપી શકાશે. છોકરાઓને પિતાએ આટલી મિલકત, આટલા રૂપિયા કેવી રીતે ભેગા કર્યા એ જાણવા કરતા કેટલા રૂપિયા ભેગા કર્યા અને એમાંથી એમને કેટલા મળશે એમાં જ રસ હતો.

દીકરાઓ રોજ પિતા પાસે આવીને બેસે છે, એમનાં ધંધાને લગતી વાતો કરે છે, ભવિષ્યમાં એ કેટલો નફો કરવાના છે એ વિષે જણાવે છે અને પછી થોડીક નાણાકીય મદદ કરવાનું કહે છે. એક દીકરાને એના મિત્રએ સરસ ટીપ આપી હતી, એક કંપનીના શેર્સ જે ખરીદે એ થોડાક વરસોમાં ન્યાલ થઈ જવાનો હતો, બધા લોકો મોં માંગ્યા ભાવ આપીને એ શેર્સ ખરીદી રહ્યા હતા, એને પણ ખરીદવા હતા જો પપ્પા થોડી મદદ કરે તો...! પપ્પાએ ચોખ્ખી ના કહી. બીજા દીકરાને પ્રોપર્ટીમાં રોકાણ કરવું હતું. એક સ્કિમમાં જોડાઈ બે ફ્લેટ ખરીદી એને ભાડે ચઢાવવા હતા. એણે પણ પપ્પા પાસે ફ્લેટ ખરીદવા રૂપિયા માંગ્યા અને પપ્પાએ ના કહી.

બંને દીકરાઓ, એમની પત્નીઓ સખત આઘાતમાં આવી ગયા. એમને સમજાતું જ નહોતું કે આ બુઢાવ આવું કેમ કરે છે. આટલા બધા રૂપિયા હવે એમનાં શું કામના હતા? એ દીકરાઓને મદદ નહીં કરે તો એ રૂપિયાનું કરશે શું? ઘરમાં બાપાની વગ એવી હતી કે એમની આગળ કોઈ ઊંચા અવાજે બોલી શકતું નહીં એટલે કોઈ અવાજ ઊંચો નહોતું કરતું પણ હવે અચાનક ઘરમાં બબડાટ વધી ગયેલો. નાસ્તો કરતી વખતે, જમતી વખતે, ટીવી જોતી વખતે જ્યારે પણ ઘરનું કોઈ માણસ એ વડીલની આજુબાજુ હોય એ કંઈનું કંઈ સાંભળવીને જતું, અલબત બબડાટ રૂપે! વડીલ એ બધું સાંભળતા અને પછી જોરથી હસી નાંખતા. એમનું આ હસવું જોઈ હવે એમનાં શ્રીમતી પિક્ચરમાં આવે છે.

છોકરાઓને બે પૈસાની જરૂર હોય તો એ માબાપ પાસે જ માંગવાના ને!- શ્રીમતીજીએ એક બપોરે એમનાં પતિને ટકોર કરેલી. એમની વાત સાંભળી એ વડીલ ફરી હસી પડેલા અને કહ્યું, તમે તમારા વહુદીકરાઓને જેટલા સમજો છો એનાથી ક્યાંય વધારે એ તમને સમજી ચૂક્યા છે અને એટલે જ એ આખો દિવસ મમ્મી, મમ્મી કરતાં તમારી આસપાસ આંટા માર્યા કરે છે. પ્રેમ અને જરૂરિયાત વચ્ચેનો ભેદ સમજો જરા. વહુને પાર્ટીમાં જવું હોય એટલે કહેશે, મમ્મી આજ સાંજની રસોઈ તમે બનાવી દેજો ને પ્લીઝ! કામવાળી રજા પાડે એ જ દિવસે વહૂને કમરમાં સણકો ઊઠે અને બધું કામ તમારે કરવું પડે, એમને તમારી ઉંમર સામે જોઈને પણ શરમ નથી આવતી. દીકરાએ ઓનલાઈન કોઈક વસ્તું મંગાવી હોય એ ઘરે આવે ત્યારે જ એની પાસે રોકડ રકમ ન હોય અને તમે એ બિલ ચૂકવી આપો છો, એવા તો કેટલાય નાના નાના ખર્ચ તમે કરી લો છો તમારા દીકરાઓએ ક્યારેય એ રૂપિયા તમને પરત આપ્યા?

પતિની વાત સાંભળીને શ્રીમતી આંચકો ખાઈ ગયા. એ જે કહી રહ્યા હતા એ સાવ ખોટું ન હતું પણ એમણે ક્યારેય એ રીતે વિચાર્યું જ નહોતું. એ શ્રીમતીજી જેવી જ હાલત આજે કેટલીય ઉંમરલાયક સ્ત્રીની હોય છે. જે વાત પિતાને સમજાઈ જાય છે એ માતાને કેમ નહીં સમજાતી હોય?

એક સ્ત્રીનો પહેલો જનમ પુત્રી રૂપે થાય છે, લગ્ન કરે ત્યારે એનો બીજો જનમ થાય અને જ્યારે એ મા બને છે ત્યારે આ દુનિયામાં એનો ત્રીજો ને અંતિમ જનમ થાય છે. ઘરમાં આવેલું નવું મહેમાન એને સૌથી વધારે વ્હાલું થઈ પડે છે. એ પોતાના બધા દુખ, તકલીફ, સપના ભૂલીને બસ એ બાળકની મા બનીને રહી જાય છે. એ બાળક મોટું થતું જાય છે, એની જરૂરિયાત બદલાય છે, એનો મા પ્રત્યેનો પ્રેમય કદાચ બદલાઈ જાય છે પણ મા તો એવી ને એવી જ રહી ગઈ હોય છે. એના પ્રેમમાં ક્યારેય ઓટ આવતી જ નથી.

બાળક પિતાની આંગળી પકડી ચાલતા શીખતું હોય ત્યારે પિતા ઈચ્છા રાખે છે કે બાળક એમની આંગળી છોડીને જાતે ચાલતાં શીખી જાય. એ જ વખતે મા ધ્યાન રાખતી હોય છે બાળક પડી જાય તો તરત એ તેને સંભાળી લે, એના પાલવમાં છુપાવી લે. વખત વીતતાં બાળક ચાલતાં શીખી જાય છે, પિતાની આંગળી છોડી દે છે, માતાનો પાલવ એને નાનો પડવા લાગે છે પણ આ હકીકત માનું મન સ્વિકારી નથી શકતું.

સ્ત્રીના મોટા થઈ ગયેલાં સંતાન એને ઉતારી પાડે ત્યારે પણ, "એને હક છે મને બોલવાનો, એ નહીં કહે તો કોણ કહેશે." એમ કહીને એ પળમાં બધું ભૂલી જતી હોય છે. ક્યારેક સ્ત્રીઓને એમના પતિદેવ તરફથી ચેતવણી મળતી હોય છે, સંબંધીઓ તરફથી સલાહ મળતી હોય છે, સંતાનોને એક ઉંમર બાદ વધારે પંપાળવું નહીં જોઈએ એવા ઉપદેશ મળતા હોય છે...પણ એ સ્ત્રી જે મા બની ચૂકી હોય એ પછી માતાનો રોલ ત્યજી કોઈ નવો વેશ ભજવવા જલદી તૈયાર નથી થઈ શકતી.

ખેર, આ નખરાળી જિંદગી એમ જ થોડી જીવી જવાશે! માતાએ પણ સમજવું પડશે અને આપણે સૌએ પણ ઢીલ આપવી પડશે. ક્યાંક મા બનીને તો ક્યાંક સંતાન બનીને વિચારવું પડશે...આપણે માનવ છીએ કોઈ પંખી નહિ!

અમસ્તું,

તમારી ઉંમર ભલે ને ગમે એટલી હોય તમારી માતાના પાલવમાં તો હજી તમે એવડા જ છો જેવા એણે પહેલીવાર તમને હાથમાં લીધા ત્યારે હતા...!

#niyatikapadia